હજારો બાઈક-કાર બની 'ટોટલ લોસ'

નવસારીમાંફાઇનાન્સના હપ્તા યથાવત, રોજગાર અને જીવનનિર્વાહ સામે ઊભું થયું ગંભીર સંકટ

નવસારીઃ વિનાશક પૂરનું પાણી ઓસરી ગયું છે, પરંતુ તેની સૌથી ઊંડી અસર હવે મધ્યમ અને શ્રમિક વર્ગના પરિવારોના જીવનમાં જોવા મળી રહી છે. ઘરોમાં ભરાયેલા પાણી કરતાં પણ વધુ ચિંતા હવે પાણીમાં ડૂબી ગયેલા વાહનોની છે. કારણ કે આ વાહનો માત્ર અવરજવરનું સાધન નહોતાં, પરંતુ હજારો પરિવારોની રોજીરોટી અને જીવનનિર્વાહનો આધાર હતા.

શહેરના શાંતાદેવી સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું પાણી અચાનક ફરી વળતાં અનેક લોકોને પોતાના વાહનો બચાવવાનો સમય જ મળ્યો નહોતો. પરિણામે અંદાજે 500થી વધુ બાઇકો અને અનેક ફોર-વ્હીલર પાણીમાં ગરકાવ થઈ ગયા. પાણી ઓસર્યા બાદ ગેરેજોમાં વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે, પરંતુ વાહન નિષ્ણાતોના જણાવ્યા મુજબ ઘણા વાહનોના એન્જિન, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ અને અન્ય મહત્વના ભાગોને ગંભીર નુકસાન થતાં તે હવે 'ટોટલ લોસ'ની સ્થિતિમાં પહોંચી ગયા છે.

આ આફતનો સૌથી મોટો માર દરરોજ નવસારીથી સુરત અપડાઉન કરતા નોકરીયાતો, શ્રમિકો અને નાના વેપારીઓને પડ્યો છે. અનેક વાહનો હજુ ફાઈનાન્સ હેઠળ હોવાથી એક તરફ વાહન ઉપયોગ લાયક રહ્યું નથી, જ્યારે બીજી તરફ માસિક હપ્તા ભરવાની જવાબદારી યથાવત છે. ઘણા પરિવારો માટે હવે રોજગારે પહોંચવું પણ મુશ્કેલ બની ગયું છે, જેના કારણે આવક અને આર્થિક સ્થિરતા બંને જોખમમાં મુકાઈ છે.

અસરગ્રસ્તો સરકાર અને વીમા કંપનીઓ પાસે ઝડપથી સર્વે પૂર્ણ કરી સરળ અને સમયસર વીમા ક્લેમની પ્રક્રિયા કરવાની માંગ કરી રહ્યા છે. કારણ કે પૂરનું પાણી ભલે ઉતરી ગયું હોય, પરંતુ હજારો પરિવારો માટે આર્થિક સંકટની લહેર હજુ લાંબા સમય સુધી શમવાની નથી.

કાવેરી નદીનો પાળો તૂટતાં ખાપરવાડા સહિતના વિસ્તારોમાં જળપ્રલય

બીલીમોરા કાવેરી નદીનો ૧૦૦ ફૂટનો પાળો તૂટી જતાં ભારે તારાજી

300 ફૂટથી વધુનું બાંધકામ લાંબા સમયથી અધૂરું રહેતા સામાન્ય પૂર કરતાં ૧૦ થી ૧૨ ફૂટ વધુ પાણી ઘૂસ્યુ

કરોડોનું નુકસાન થતા માજી સરપંચે તંત્ર સમક્ષ કડક કાર્યવાહીની રજૂઆત કરી

બીલીમોરા : ગત સપ્તાહે ગણદેવી તાલુકામાં થયેલી અતિવૃષ્ટિ અને પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે બીલીમોરા નજીક કાવેરી નદીનો તાજો બનેલો પાળો તૂટી જતાં ખાપરવાડા, ગોયંદી-ભાઠલા, વણગામ, બીગરી સહિત કાંઠા વિસ્તારમાં અચાનક પૂરના ભયાનક પાણી ઘૂસી આવ્યા હતા.

સામાન્ય પૂર કરતાં અંદાજે ૧૦ થી ૧૨ ફૂટ જેટલું વધુ પાણી ગામોમાં ફરી વળતાં હજારો લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પૂરના કારણે રહેણાંક મકાનો, ખેતીનો પાક, પશુધન, ઘરવખરી, સ્થાનિક વેપાર-ધંધા, રસ્તાઓ તેમજ જાહેર મિલકતોને કરોડો રૂપિયાનું ભારે નુકસાન પહોંચ્યું છે.

રજૂઆતો થઈ રહી છે કે કાવેરી નદીના આ પાળાનું અંદાજે ૩૦૦ ફૂટથી વધુનું બાંધકામ લાંબા સમયથી અધૂરું રાખવામાં આવ્યું હતું. આ કારણે આ ભાગનો પાળો નીચો અને કાચો રહી ગયો હતો. જો આ કામ સમયસર અને યોગ્ય ગુણવત્તા સાથે પૂર્ણ કરવામાં આવ્યું હોત, તો પાળો તૂટવાની આટલી મોટી દુર્ઘટના અને કાંઠા વિસ્તારના ગામોમાં પૂરના વધારે પાણી ફરી વળવાની પરિસ્થિતિ ટાળી શકાઈ હોત. આ ઉપરાંત, નદીના બંને કાંઠાના પાળાને પહોળા અને મજબૂત કરવાના કામને લીધે નદીની કુદરતી વહન ક્ષમતામાં ફેરફાર થયો, વાઘરેચ ટાઇડલ ડેમના કારણે પાણીનો આશરે ૧૦ ફૂટ જેટલો 'બેકવોટર' (પાછળનો ધસારો) રહેતા પાછળના ગામો પર પાણીનું દબાણ વધ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટના સંદર્ભે ખાપરવાડા ગામના માજી સરપંચ અશોક પટેલે ગણદેવી મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી કાયદેસરની કડક કાર્યવાહીની માગ કરી છે. જેમાં ૩૦૦ ફૂટથી વધુ બાકી રહેલા પાળાના કામનું કારણ, મંજૂર એસ્ટીમેટ, કામગીરી અને દેખરેખ અંગેની ઉચ્ચસ્તરીય ટેકનિકલ તપાસની માંગ કરાઈ છે.

કડક કાયદેસરનાં પગલાં લેવા માંગ

પાળો તૂટવાના વાસ્તવિક કારણો, ચેકડેમ અને નદીના વહેણ, ઊંડાઈ અંગે સ્વતંત્ર નિષ્ણાત સમિતિ દ્વારા તપાસ કરી અહેવાલ જાહેર કરવા તેમજ કન્ટ્રાક્ટર, બાંધકામ એજન્સી, દેખરેખ અધિકારી કે વિભાગની બેદરકારી અથવા નિયમભંગ જણાય તો તેમની સામે કડક કાયદેસરનાં પગલાં લેવા માંગ પોકારી હતી. અસરગ્રસ્ત ગામોમાં થયેલા નુકસાનનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરી અસરગ્રસ્તોને યોગ્ય વળતર અને રાહત આપવામાં આવે તેવી માંગ કરી છે.

ચીખલી-વાંસદા-વઘઈ કોરિડોરના જમીન સંપાદન સામે ભારે વિરોધ

જમીન સંપાદન, જૂના રેકોર્ડ અને કાયદાકીય પ્રક્રિયા અંગે ગ્રામજનો અને એડવોકેટે ઉઠાવ્યા સવાલો

કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જમીન સંપાદન

એડવોકેટ ચેતન દેસાઈએ જણાવ્યું હતું કે, અગાઉના જમીન સંપાદનના રેકોર્ડ કચેરીમાં ઉપલબ્ધ છે કે નહીં અને અગાઉની કાર્યવાહી કાયદેસર રીતે પૂર્ણ થઈ છે કે કેમ તેની સ્પષ્ટતા થવી જોઈએ. જમીનમાલિકો તેમજ કબ્જેદારોને નોટિસની બજવણી કર્યા વિના અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જમીન સંપાદન કરવામાં આવે તો તે ન્યાયિક પ્રક્રિયાના સિદ્ધાંતો વિરુદ્ધ ગણાશે. અસરગ્રસ્ત લોકોને તેમની જમીન અંગે સંપૂર્ણ માહિતી અને કાયદાકીય હકોની જાણકારી મળવી અનિવાર્ય છે.

ઘેજઃ ઘેજ ખાતે બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ કોરિડોરના જમીન સંપાદન મામલે યોજાયેલી ગ્રામસભામાં સ્થાનિક ગ્રામજનો દ્વારા ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ પ્રોજેક્ટ અંગેની માહિતી રજૂ કરી હતી, જ્યારે ગ્રામજનોએ જમીન સંપાદનની પ્રક્રિયા, જૂના રેકોર્ડની ઉપલબ્ધતા અને કાયદાકીય પાસાઓ અંગે અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા પ્રસ્તાવિત બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ કોરિડોરને ૬-લેન માર્ગ તરીકે વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ ગામોની જમીનોનું સંપાદન થવાનું હોવાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ગ્રામસભાઓ યોજીને સ્થાનિકોની રજૂઆતો સાંભળવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ચીખલીના થાલા ગામે યોજાયેલી બેઠકમાં માર્ગ અને મકાન વિભાગના અધિકારી હાર્દિક પટેલે પ્રોજેક્ટની રૂપરેખા સમજાવતા જણાવ્યું હતું કે, ચીખલી ચાર રસ્તા ઓવરબ્રિજથી લઈને કોલેજ સર્કલ સુધીના માર્ગને પહોળો કરવામાં આવશે. આ વિસ્તારમાં ડિવાઈડરના સેન્ટરથી બંને બાજુ ૧૫-૧૫ મીટર જમીન સંપાદિત કરવામાં આવશે અને કોલેજ સર્કલ નજીક ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ પણ પ્રસ્તાવિત છે.

વધુમાં, કોલેજ સર્કલથી આગળના વિસ્તારમાં માર્ગનું વિસ્તરણ વધુ પ્રમાણમાં કરવાનું હોવાથી ડિવાઈડરના સેન્ટરથી બંને બાજુ ૨૨.૫૦ મીટર જમીન સંપાદિત કરાશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ દક્ષિણ ગુજરાતના આ મહત્વના માર્ગ પર વાહનવહેવાર વધુ સરળ અને ઝડપી બનશે તેવું તેમણે ઉમેર્યું હતું.

મોબાઈલ નંબર બદલાતા વેપારીના ક્રેડિટ કાર્ડમાંથી 98,151ની છેતરપિંડી

બેંકના ડેટા લીકના અહેવાલો વચ્ચે નવસારીના વેપારીએ સાઇબર ક્રાઇમ તપાસની કરી માંગ

નવસારી : બેંક ઓફ બરોડાના ગ્રાહકોના ડેટા લીકના અહેવાલો વચ્ચે નવસારીના વેપારી કેતુલભાઈના ક્રેડિટ કાર્ડમાંથી 98,151ની અનધિકૃત લેવડદેવડ થઈ હોવાનો આક્ષેપ સામે આવ્યો છે.

કેતુલભાઈના જણાવ્યા મુજબ, તેઓ ક્રેડિટ કાર્ડની લિમિટ અનબ્લોક કરવા માટે બેંકની એપમાં પ્રવેશ્યા ત્યારે "રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપલબ્ધ નથી" એવો સંદેશ જોવા મળ્યો હતો. તપાસ કરતાં તેમની જાણ કે મંજૂરી વિના બેંકમાં નોંધાયેલો મોબાઈલ નંબર બદલાઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. જેના કારણે ક્રેડિટ કાર્ડમાંથી થયેલા ટ્રાન્ઝેક્શનના કોઈ એલર્ટ અથવા મેસેજ તેમને મળ્યા નહોતા.

ફરિયાદ મુજબ, 23મી તારીખે તેમના ક્રેડિટ કાર્ડમાંથી કુલ 98,151ની લેવડદેવડ થઈ હતી. વેપારીએ બેંકના અધિકારીઓ સમક્ષ રજૂઆત કર્યા બાદ તેમને સાઈબર ક્રાઈમનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી હોવાનું જણાવ્યું છે. ત્યારબાદ તેમણે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. તાજેતરમાં બેંક ઓફ બરોડાના મોટા પાયે ડેટા લીકના અહેવાલો સામે આવતા આ બનાવે ગ્રાહકોના ડેટાની સુરક્ષા અને બેંકિંગ સિસ્ટમની વિશ્વસનીયતા અંગે નવા પ્રશ્નો ઊભા કર્યા છે. જોકે, આ બનાવનો ડેટા લીકના અહેવાલો સાથે સીધો સંબંધ હોવાનું સત્તાવાર રીતે હજુ સુધી પુષ્ટિ થયું નથી.

લોનનું સપનું દેખાડી વેપારી સાથે 59 હજારની ઓનલાઈન ઠગાઈ

નવસારીમાં બે ક્રોડની લોનની લાલચ આપી સાઉન્ડ સિસ્ટમના વેપારી સાથે ઠગાઈ કરાતા ગુનો નોંધાયો

નવસારી : નવસારીમાં સાયબર ઠગો દ્વારા મોટી લોન ઝડપથી મંજૂર કરાવવાની લાલચ આપીને વેપારીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવી જ એક ઘટનામાં નવસારીના ગોપીવાડી વિસ્તારમાં રહેતા અને સાઉન્ડ સિસ્ટમના વ્યવસાય સાથે સંકળાયેલા વિશાલભાઈ જીતુભાઈ પટેલ પાસેથી બે કરોડ રૂપિયાની લોન અપાવવાનું કહીને ૫૯ હજાર રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ મા},\text{ અંગે ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, મે ૨૦૨૫ દરમિયાન વિશાલભાઈને એક મહિલાએ ફોન કરીને પોતે અમદાવાદની વેલ્થવેલ્સ સર્વિસીસ કંપનીમાંથી બોલતી હોવાનું જણાવ્યું હતું. તેણે બિઝનેસ લોન અંગે માહિતી આપીને સરળ પ્રક્રિયા દ્વારા બે કરોડની લોન અપાવી દેવાની ખાતરી આપી હતી. ત્યારબાદ દસ્તાવેજો વોટ્સએપ મારફતે મંગાવવામાં આવ્યા હતા. દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થયાનું જણાવી મિતેશ રોહિત નામના વ્યક્તિએ સંપર્ક કર્યો હતો. તેણે લોન મંજૂરી માટે પ્રોસેસિંગ ફી અને જીએસટી ભરવાના બહાને બિલ મોકલી વિશ્વાસ ઊભો કર્યો હતો. ત્યારબાદ બેંક ઓફ ઈન્ડિયાની થલતેજ શાખાના ખાતામાં કુલ ૫૯ હજાર રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા.

નાણાં જમા થયા છતાં લોનની કોઈ કાર્યવાહી આગળ વધી નહોતી અને આરોપીઓ સતત બહાનાં બતાવતા રહ્યા હતા. શંકા જતાં વિશાલભાઈ અમદાવાદમાં દર્શાવાયેલી ઓફિસે પહોંચ્યા હતા, પરંતુ ત્યાંથી પણ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બેંક ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ પુરાવાઓના આધારે આરોપીઓને ઝડપી પાડવાની ચક્રોગતિમાન કર્યા છે અને નાગરિકોને અજાણી ફાઈનાન્સ કંપનીઓની લોન ઓફરથી સાવચેત રહેવા અપીલ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

પારડીમાં પૂરમાં 'દેવદૂત' બનેલા જવાનોનું સન્માન

પારડી : અતિભારે વરસાદને પગલે પારડી વિસ્તાર જળબંબાકાર બન્યો હતો. આ કઠિન સ્થિતિમાં પારડી પોલીસ સ્ટેશનની ટીમ સાથે ખભેખભો મિલાવીને SRD, GRD અને હોમગાર્ડના જવાનોએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પોતાના જીવની પરવા કર્યા વગર આ જવાનોએ મુશળધાર વરસાદ વચ્ચે પૂરમાં ફસાયેલા અનેક લોકો માટે 'દેવદૂત' બનીને રાહત-બચાવ કામગીરી કરી હતી. જવાનોની આ અથાક નિષ્ઠાને બિરદાવવા માટે આજરોજ પારડી પોલીસ સ્ટેશન ખાતે ખાસ 'રોલકોલ' યોજાયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર વાય. બી. ગોહિલે જવાનોની પ્રશંસનીય સેવાની સરાહના કરી પ્રોત્સાહિત કર્યા હતાં. અને જવાનોનું સન્માન કરી રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કપરાડા નાસિક માર્ગ ઉપર વલસાડ આર.ટી.ઓ.ની જીપ પલટી

વલસાડ : કપરાડા નાસિક માર્ગ ઉપર મંગળવારે નારવડ નજીક વલસાડ આર.ટી.ઓ. ની સરકારી જીપ માર્ગ ઉપર ધસી આવેલી ચીકણી માટીને લઈ સ્લીપ થઈ માર્ગની બાજુમાં પલટી ખાઈ ગઈ હતી. ઘટના બનતા જ સ્થાનિકો દોડી આવ્યા હતા. અને અંદર ફસાયેલા કર્મચારીઓને સહી સલામત બહાર કાઢ્યા હતા.

ઘટના અંગે આર.ટી.ઓ વલસાડ પ્રતિકભાઈ લાઠીયાએ 'ગુજરાતમિત્ર'ને જણાવ્યું કે ઘટના બની ત્યાં ઢાળવાળો માર્ગ હોય વળી ચીકણી માટીને લઈ જીપ ખેચાઇ ગઈ હતી અને પલટી મારી હતી, જોકે સદ્દનસીબે કોઈને ઈજા પહોંચી ન હતી.

ભયાવહ પૂર સામે 'નવસારી જિલ્લા ક્વોરી એસોસિએશન'નો સેવાયજ્ઞ

વહીવટી તંત્રના સંકલન સાથે પૂરગ્રસ્ત વિસ્તારોમાં કાદવ-કીચડની સફાઈ

મૃત પશુઓનો નિકાલ અને રાહત સામગ્રી વિતરણ કરાયું

ઘેજ : પૂરના પાણીમાં ઘેરાયેલા અને બેઘર બનેલા લોકોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે નવસારી ક્વોરી એસોસિએશને રસોડા ધમધમતા કર્યા હતા. કોસ્ટલ બેલ્ટના અંતરિયાળ ગામો તેમજ ચીખલી નદી કાંઠાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૫, હજારથી વધુ ગરમ ભોજનના પેકેટ તૈયાર કરી પીરસવામાં આવ્યા છે.

ગત સપ્તાહે અતિભારે વરસાદને પગલે ચીખલી અને ગણદેવી તાલુકામાં એક સદીનું સૌથી ભયાવહ અને વિનાશક પૂર જોવા મળ્યું હતું. કાવેરી, ખરેરા અને અંબિકા નદીએ ઐતિહાસિક જળસપાટી નોંધાવતા અનેક ઘરો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આવી કટોકટીભરી ક્ષણોમાં નવસારી જિલ્લા કલેકટર મનીષ ગુરવાણી અને જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહની અપીલથી ક્વોરી એસોસિએશને આગળ આવી કેન્દ્રીય કેબિનેટ મંત્રી સી આર પાટીલ, મંત્રી નરેશ જિલ્લા, પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો અમિતા પટેલ, ખાણ ખનિજ અધિકારી ખાંભલા, પ્રાંત અધિકારી સહિતના સાથે સંકલન સાધી એસોસિએશને રસોડા શરૂ કરી અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ ગરમ ભોજનના પેકેટ પીરસ્યાં છે. આ ઉપરાંત, અસરગ્રસ્ત પરિવારોને ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા ધાબળા અને તાડપત્રીનું વિતરણ કરાયું હતું.

પૂર ઓસર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે ૧૦ મોટા લોડર, ૨૦ જેસીબી અને ૧૦ ટ્રક સહિતના ભારે વાહનોનો કાફલો ઉતારી યુદ્ધના ધોરણે સફાઈ કરાઈ હતી. ચીખલીના શ્મશાન ગૃહ, કોર્ટ રૂમ અને બીલીમોરાની શેરીઓમાંથી સેંકડો ટન કચરો અને કાદવ હટાવાયો હતો. સાથે જ, મૃત પશુઓનો યોગ્ય નિકાલ કરીને વિસ્તારને મહામારીના ભયમાંથી ઉગારવામાં આવ્યો હતો. એસોસિએશનની આ માનવીય અને સેવાકીય કામગીરીને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વ્યાપક સરાહના મળી રહી છે.

બૅંક ઑફ બડૌદા
Bank of Baroda
વાંઝણા શાખા : મુ. અને પોસ્ટ. વાંઝણા, જી. નવસારી– ૩૯૫૫૬૦
મો નં. ૯૮૭૯૮૦૭૭૭
Email : vanzan@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ [યુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર બૅંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૦૩.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી **દેવાદારો/ગીરવેદાર શ્રી જેનીશકુમાર ભરતભાઈ ચઠોડ અને શ્રીમતી ભુમીકા ભરતભાઈ ચઠોડ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૧૭,૬૬,૧૭૩.૦૦ (અંકે રૂ. સત્તર લાખ છાસઠ હજાર એકસો ત્રોતેર પુરા) તા.૧૩.૦૬.૨૦૨૫** ના રોજના **(તા.૦૮.૦૬.૨૦૨૫** સુધીના વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે અધિકૃત અધિકારી આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા.૨૭મી જુલાઈ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદારો/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂ. રૂ.૧૭,૬૬,૧૭૩.૦૦ (અંકે રૂ. સત્તર લાખ છાસઠ હજાર એકસો ત્રોતેર પુરા) તા.૩૦.૦૩.૨૦૨૬** ના રોજના **(તા.૧૯.૦૯.૨૦૨૫** સુધીના વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે વિશાલ નગર નો પ્લોટ નં. એ–૧૩૫ પ્લોટેડ એરીયા ૫૦.૩૨૯૯ ચો.મીટર, પ્લોટેડ એરીયા ૨૩.૬૮ ચો.મીટર. કોમન પ્લોટ અને રોડ નું કુલ માપ ૭૪ ચો.મીટર, રેવન્યુ બ્લોક/સર્વે નં. ૧૮૩૫ જુનો બ્લોક સર્વે નં. ૫૪૩/પૈકી ૬ ગામ. ઈટળવા, તા અને જી. નવસારી ખાતે શ્રી જેનીશકુમાર ભરતભાઈ ચઠોડ ના નામે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેનો રોડ, **પશ્ચિમ તરફ :** જોડેનોપ્લોટ નં. એ–૯૬, **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. એ/૧૩૪ , **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં. ૧૩૬ આવેલ છે.

તા. ૨૭/૦૭/૨૦૨૬, સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા વાંઝણા શાખા, નવસારી

બૅંક ઑફ બડૌદા
Bank of Baroda
એમએસએમઈ શાખા : જી–૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૨
email id :vjmsur@bankofbaroda.com

કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૦.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **મેસર્સ આસ્થા ફેશન (એક માલિકીની પેઢી), શ્રી કુબેરભાઈ હરીભાઈ નકરાણી (માલિક) અને શ્રીમતી ગાબાણી સ્વેતા સંકેશભાઈ (જામીનદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૮૯,૨૩,૫૨૫.૮૫/– (રૂ. નેવ્યાંશી લાખ ત્રેવીસ હજાર પાંચસો પચ્ચીસ અને પંચ્યાસી પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૪મી જુલાઈ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા,**ની રકમ **રૂા.૮૯,૨૩,૫૨૫.૮૫** વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સીલ્વર સ્કાય નામની સ્કીમની બિલ્ડીંગ નં.એ ના ૧લા માળનો ફ્લેટ નં.૧૦૪, જેનું બિલ્ટઅપ એરીયા માપ ૬૧.૮૪ ચો.મી. યાને ચોકડી સિવાય કાર્પેટ એરીયા માપ ૫૫.૬૯ ચો.મી. અને ચોકડી એરીયાનું અંદાજે માપ ૨.૨૩ ચો.મી. જેની જમીનમાં આશરે ૪૧.૨૯ ચો.મી.ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત(રેરા રૂલ્સ મુજબ ઈન્ટીરીયર દિવાલ અને બહારની દિવાલની ગણતરી સાથેનું બાંધકામ બીન ખેતીની જમીન રેવન્યુ સર્વે નં.૧૯૪/૧, ૧૯૪/૫, ૧૯૫/૧, ૧૯૯, બ્લોક નં.૧૨૪/બી આશરે માપ ૧૬૧૮૮ ચો.મી., ટી.પી.સ્કીમ નં.૨૩ (ઉગાણ–કોસાડ), મુળ પ્લોટ નં.૨૬/૨, ફાઈનલ પ્લોટ નં.૨૯, આશરે માપ ૧૦૫૨૪ ચો.મી. પૈકી સબ–પ્લોટ નં.૨ આશરે માપ ૭૭૭૨ ચો.મી. ગામ ઉગાણ, તાલુકા : અડાજણ (સુરત સીટી) જીલ્લો સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડેની બિલ્ડીંગ નં.એક, **પશ્ચિમ તરફ :** જોડેનો એફ.પી.નં.૪૨, **ઉત્તર તરફ :** જોડેની બિલ્ડીંગ નં.બી, **દક્ષિણ તરફ :** જોડેનો સબ પ્લોટ નં. આઈ આવેલ છે.

તા. ૨૪/૦૭/૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, એમએસએમઈ શાખા

પંજાબ નૅશનલ બૅંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ પુણા કુંભારીયા શાખા (૯૯૨૨૦૦): પ્લોટ નં. ૧૨–૧૩, ઓટો પોઈન્ટ કાર શોરૂમ નજીક, પુણા કુંભારીયા, સુરત–૩૯૫૦૧૦ ફોન નં.૦૨૬૧–૨૬૪૨૯૦૦ email: bo9922@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી નારાયણ મુકુંદ પાટીલ તે મુકુંદ પાટીલ ના પુત્ર, સરનામું : પ્લોટ નં.૧૦૮, માનષી રેસીડેન્સી,બગુમરા, પલસાણા, સુરત–૩૯૪૩૦૫ અને ૨૭૯, નવાનગર સોસાયટી, ઉધના યાર્ડ, સુરત–૩૯૪૨૧૦, શ્રી અરૂણ કુમાર ચંદ્રકા